વર્ષ ૨૦૧૭-૧૮ નવી બાબત
ગીર-સોમનાથ ખાતે કલ્ચર કોમ્યુનિટિ હોલ બનાવવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૭-ન.બા.૩૩-ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૪/૨૦૧૭

વંચાણે લીધા :-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૩૧/૦૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: આવિ/અગન/કોમ્યુ/૨૦૧૬-૧૭/૭૯.

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૦/૦૪/૨૦૧૭નો પત્ર ક્રમાંક: આવિ/અગન/કોમ્યુ/૨૦૧૭-૧૮/૨૨૯.

પ્રસ્તાવના :-

દાહોદ જિલ્લામાંના આદિવાસી લોકો પોતાની વંશપરાગત કલ્ચરલ, એક્ટીવીટી કરી શકે તેમજ તેઓના સામાજીક પ્રસંગો એક જ સ્થળે કરી શકે તે માટે દાહોદ મુકામે તાજેતરમાં કોમ્યુનીટી હોલના બાંધકામ માટે જમીન ફાળવવામાં આવેલ છે. દાહોદ ખાતે કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલના બાંધકામ અંગેની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક(૧) થી કરવામાં આવેલ છે. કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, દાહોદ દ્વારા રજુ કરેલ નકશા અને અંદાજો અન્વયે SOR ૨૦૧૫-૧૬ મુજબ દાહોદ ખાતે કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલના બાંધકામની અંદાજીત રકમ રૂ.૨૬૩.૧૦ લાખ થાય છે. જેથી વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં પ્લાન સીલીંગની મર્યાદામાં રૂ.૮૯.૭૦ લાખની નવી બાબતની દરખાસ્તને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ગીર-સોમનાથ ખાતે કલ્ચર કોમ્યુનિટિ હોલ બનાવવા અંગેની અંદાજીત રૂ.૨૬૩.૧૦ લાખની અને તે પૈકી વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ

જોગવાઇ અંગેની રૂ.૮૭.૭૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે:

**<u>શરતો:-</u>**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(3) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે

(૧૩) ગીર સોમનાથ ખાતે કલ્ચર કમ કોમ્યુનીટી હોલના બાંધકામ કરવા માટે સંબંધિત જિલ્લાનાં અદ્યતન SOR મુજબ R&B પાસેથી બ્લોક એસ્ટીમેન્ટ મેળવી લેવાનાં રહેશે અને તદઅનુસાર તેની વહીવટી મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં **માંગણી ક્રમાંક: ૯૬**, **મુખ્ય સદર-૪૨૨૫** અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: 03 પછાત વર્ગોનું કલ્યાણ, **ગૌણ સદર: ૨૭૭** શિક્ષણ, પેટા સદર: ૦૯ ગીર-સોમનાથ ખાતે કલ્ચર કમ કોમ્યુનીટી હોલ બનાવવા હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૭/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.

--------------------

> **પત્ર દ્વારા**